સેક્ટર-૨૨ ગાંધીનગર જિલ્લા સમાજ કલ્યાણ સંઘ સંચાલિત મહિલા સિવણ વર્ગ પાસે જ કચરાપેટી મુકવામાં આવતાં ગંદકી અને માથું ફાટી જાય તેવી દુર્ગંધથી રાહદારીઓ અને સિવણ વર્ગમાં આવતી મહિલાઓ ત્રાસી ગયા છે. વરસાદી વાતાવરણને કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ શરૂ થઇ ગયો છે, આવામાં અહીં આવતાં ઘોડીયા ઘરનાં બાળકો અને મહિલાઓનાં સ્વાસ્થ્ય જોખમમાં મુકાય તેવી પૂરેપૂરી સંભાવના છે. સિવણવર્ગ પાસે મૂકવામાં આવેલી કચરાપેટીને મુખ્ય રસ્તા પરથી, અન્ય જગ્યાએ તાત્કાલીક ખસેડવા ગાંધીનગર જિલ્લા કલ્યાણ સંઘ, મહિલા સિવણ વર્ગની માંગણી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

ભાટ પાસે કલરવ પાર્ટી પ્લોટ પાછળ જુગાર રમતા છ પકડાયા

રૂ. ૩૫૨૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરી જુગારીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીકનાં ભાટ ગામની સીમમાં સ્થિત કલરવ પાર્ટી પ્લોટ પાછળ ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસની ટીમે દરોડો પાડીને ભાટ ગામના છ જુગારીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી લીધા છે. જુગારીઓની ધરપકડ કરીને અડાલજ પોલીસે રૂ. ૩૫૨૦ રોકડા જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પી.આઈ. જે.ડી.બ્રહ્મભટ્ટની સુચનાથી શ્રાવણીયા જુગાર પર ખાસ વોચ આ વિસ્તારમાં રખાઈ રહી છે ત્યારે પીએસઆઈ બી.એમ. રાઠવાને બાતમી મળી હતી કે કલરવ પાર્ટી પ્લોટની પાછળ ભાટ ગામની સીમમાં ખુલ્લામાં જુગાર રમાઈ રહ્યાં છે જેને આધારે પીએસઆઈ સ્ટાફના માણસો સાથે પહોંચી ગયા હતા અને દરોડો પાડીને ભાટ ગામના અજય રાજુ રાવળ, વિપુલ વસરામ ગઢવી, રોહીત કાળુજી ઠાકોર, દીપસિંહ કપીલભાઈ રાજપુત, કિરણ શિવા વાઘેલા અને ભુપેન્દ્ર રેવા વાણીયા છ શખ્સોની ધરપકડ કરી લીધી છે. બાજી જામી હતી ત્યારે પડેલા દરોડા વખતે દાવ પર રૂ. ૪૩૦ અને છ શખ્સોની અંગ જડતીમાંથી રૂ. ૩૦૯૫ મળીને કુલ રૂ. ૩૫૨૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરી અડાલજ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લામાં પાંચ પીએસઆઈની આંતરીક બદલી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક શરદ સિંઘલે મોડી સાંજે જિલ્લાના પાંચ પીએસઆઈની આંતરીક બદલીઓના આદેશ જારી કર્યા હતા. જેમાં પેથાપુર સિનિ. પીએસઆઈને એલસીબી હેઠળ બનાવેલા નવા સ્કવોર્ડ એબસ્કોન્ડર ફોર્સમાં મુકવામાં આવ્યા છે. જ્યારે પેથાપુરના બીજા પીએસઆઈ એસ.ઓ.જી. રોડ ઓપનીંગ પાર્ટીમાં મુકવામાં આવ્યા છે.

પી.એસ.આઈ.	ક્યાંથી બદલી ?	ક્યાં મુક્યા ?
ઓ.એમ. દેસાઈ	પેથાપુર (સિનિ.પી.એસ.આઈ.)	એલ.સી.બી. (એબસ્કોન્ડર સ્કવોર્ડ)
ડી.બી. વાળા	પેથાપુર	એસ.ઓ.જી. (રોડ ઓપનીંગ પાર્ટી)
એસ.જે. વાઘેલા	અડાલજ	પેથાપુર (સિનિ.પી.એસ.આઈ.)
વી.એલ. બોડાણા	દહેગામ	સે.૭ (ઈન્ડ્રોડા ચોકી)
એચ.કે. શ્રીમાળી	રખિયાલ	અડાલજ (કોબા ચોકી)

ચિલોડા-ડભોડા વિભાગનો શાળાકીય બાળ રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા વ્યાયામ મંડળના પ્રમુખ દલસંગભાઈ ચૌધરીના જણાવ્યા પ્રમાણે આધાર શીલા સંકુલ ખાતે શ્રી ચિલોડા ડભાડો વિભાગનો શાળાકીય બાળ રમતોત્સવ યોજાઈ ગયો.

ચિલોડા ડભોડા વિભાગના શાળાકીય બાળ રમતોત્સવમાં કબડ્ડી, ખો-ખો, વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ૨૫૦ જેટલા ખેલાડીઓ જોડાયા હતા. સમગ્ર સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે આધારશીલા સંસ્થાના વડા કે.ડી. પટેલે ખેલાડીઓને પ્રોત્સાહિત પ્રવચન આપ્યું હતું. ચિલોડા ડભોડા વિભાગના જિલ્લાના પ્રમુખ દલસંગભાઈ ચૌધરીએ ખેલાડીઓને રાજય અને રાષ્ટ્રકક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી વિભાગનું ગૌરવ વધારવાની પ્રેરણા આપી હતી. સંપૂર્ણ સ્પર્ધાનું સફળ સંચાલન વિભાગના મંત્રી દિપક શુકલાએ કર્યું હતું.

આજે વૈજનાથ મહાદેવ મંદિરે લઘુરૂદ્રનું આયોજન

ગાંધીનગર, તા.૪

લઘુરૂદ્રાભિષેક મંડળના સહમંત્રી નરેન્દ્રભાઈ જાનીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આજે તા.૫મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજ સાંજે ૪.૩૦ કલાકે ગાંધીનગરના સે-૨૧માં આવેલા શ્રી વૈજનાથ મહાદેવ મંદિરે લઘુરૂદ્ર યોજાશે. લઘુરૂદ્ર બાદ કારોબારી અને રૂદ્રપત્રિકા બાબત ચર્ચા કરવાની હોવાથી સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

સિ.સિ.કા.ના તેજસ્વી તારલાઓનું સન્માન થયું

ગાંધીનગર, તા.૪

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા તાજેતરમાં ડૉ. આંબેડકર હોલ ખાતે સમાજના સભ્યોના પૌત્ર-પૌત્રી જે માર્ચ ૨૦૧૩માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓનું સંસ્થાના પ્રમુખના હસ્તે ઈનામ તેમજ રોકડ પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા. જેમાં ધોરણ-૧૦માં શાહ રિયા અપૂર્વભાઈ ૯૧ ટકા તેમજ નાથવાણી અર્ચન ગૌરાંગભાઈ ૯૧ ટકા તેમજ વિજ્ઞાન પ્રવાહમાં ધો-૧૨માં પ્રથમ નાયક પલક કુમારભાઈ ૯૨.૨૮ ટકાનું પણ મેડલથી સન્માન કરવામાં આવ્યું હતું.

ઉમા આર્ટસ કોલેજમાં એન.એસ.એસ. ઓરિઅન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૪

સેક્ટર-૨૩ સ્થિત ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ દ્વારા પાટનગર ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે એન.એસ.એસ. ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમાં મુખ્ય અતિથિ તરીકે રામભાઈ સિંઘવ, અમૃતાબેન પટેલ, ડૉ. રૂપાબહેન ચાવડા, ડૉ. બીન્દુબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત મહાનુભાવોએ એન.એસ.એસ.ની સ્વયંસેવીકાઓને પ્રેરણા પુરી પાડી હતી અને કાર્યક્રમના અંતે સર્વેએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જ્યારે કાર્યક્રમનું સંચાલન ભારતીબેન પ્રજાપતિએ કર્યું હતું.

વોન્ટેડ આરોપીઓને પકડવા એબસ્કોન્ડર ફોર્સની રચના

પી.એસ.આઈ. સહીત પાંચ માણસોની ટીમનો સ્કવોર્ડમાં સમાવેશ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ એબસ્કોન્ડર ફોર્સની રચના જિલ્લા પોલીસ વડા દ્વારા કરવામાં આવી છે. પેરોલ ફ્લો કે વોન્ટેડ આરોપીઓને શોધીને આ સ્કવોર્ડ પકડી પાડવાની કામગીરી કરશે. એક પીએસઆઈ, એક એએસઆઈ અને ૩ કોન્સ્ટેબલ મળીને પાંચની ટીમનો સ્કવોર્ડમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

જિલ્લા પોલીસવડા શરદ સિંઘલે ગઈ મોડી સાંજે જિલ્લાના પાંચ પીએસઆઈની આંતરીક બદલીના ઓર્ડર જારી કર્યા હતા. જેમાં પેથાપુર સિનિયર પીએસઆઈ તરીકે ફરજ બજાવતા ઓ.એમ. દેસાઈને એલ.સી.બી. પેરોલ-ફ્લોસ્કવોર્ડ બનાવી તેમાં નિમણુંક આપવામાં આવી છે. જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે આ સ્કવોર્ડ કામગીરી કરશે અને આ સ્કવોર્ડમાં પીએસઆઈ ઓ.એમ. દેસાઈ ઉપરાંત એક એએસઆઈ અને ૩ કોન્સ્ટેબલનો સમાવેશ કરવામાં આવ્યો છે. એબસ્કોન્ડર સ્કવોર્ડ આજથી જ કાર્યરત કરી દેવામાં આવી છે.

છાલામાં ખુલ્લેઆમ જુગાર રમતા ૧૩ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીક ચિલોડા-હિંમતનગર હાઈવે પર સ્થિત છાલા ગામની સીમમાં શહેરમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે સમી સાંજે દરોડો પાડીને ૧૩ જુગારીઓની ધરપકડ કરી લીધી છે. રૂ. ૧૧,૭૦૫ના મુદ્દામાલ સાથે તમામ શકુનીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા પી.આઈ. એલ.બી. મોણપરાની સુચનાથી છાલા ગામમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી આધારે તેમનીટીમના પીએસઆઈ એસ.આર. પટેલ, એએસઆઈ હીરાજી તથા સ્ટાફે દરોડો પાડી ૧૩ શકુનીઓને ઝડપી પાડ્યા છે. છાલા ગામના અમૃત ભીખા ચૌધરી, રાજુ સબા ચૌધરી, ભરત ઉર્ફે લાલો બાબુ પટેલ, લાલા મણી પ્રજાપતી, ભરત દિલીપ ઠાકોર, જીતેન્દ્ર કેશા રાઠોડ, સાબીર અયુબ સૈયદ, ભાવેશ કમા પણદા, કાળુ ભવાન રાઠોડ, સલીમ અમર મલેક, ભલા ચતુર ઠાકોર, રાજુ ઉમા ઠાકોર, રણજીત ફતે રાઠોડ મળીને ૧૩ જુગારીઓની ૮ નંગ મોબાઈલ તથા રોકડા રૂ. ૫૭૦૫ મળીને રૂ. ૧૧,૭૦૫ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કલ્પતરૂ કંપનીના ડાયરેક્ટર ડી. બી. પટેલે ખોલ્યાં પ્રગતિના રાઝ

બાળકના જન્મથી તબક્કાવાર પ્રગતિ જોઈ જેમ હરખ થાય એવું જ કંપની માટે પણ થાય

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના જન્મદિવસે ગાંધીનગરમાં ઔદ્યોગિક ક્ષેત્રે આગવો મોભો ધરાવતી કલ્પતરૂ કંપની ખાતે કંપનીના ડાયરેક્ટર શ્રી ડી.બી. પટેલ કે જેમણે દિવસ-રાત એક કરી આજે કંપનીને વિશ્વફલક પર મુકી છે એમનું એક અત્યંત ભાવવાહી વક્તવ્ય કંપનીના સભ્યો માટે યોજાયું હતું.

જેમ આપણા લાડીલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોટીને સાંભળવા જનમેદની એકઠી થાય એમ જ મુખ્યમંત્રીના ગામનાં જ શ્રી પટેલને સાંભળવા બોર્ડરૂમ હકડેઠઠ ભરાયો હતો. શિક્ષણ જેમ એના અનુભવનો નિચોડ દ્વારા વિદ્યાર્થીને શૈક્ષણિક સમૃદ્ધ કરે છે એમજ શ્રી પટેલે એમના કંપનીના પરસેવાથી મહેંકતા અનુભવના નિચોડ દ્વારા કલ્પતરૂ પરિવારના સભ્યોને પાયાના મુલ્યો અને સિદ્ધાંતો બતાવ્યા હતા.

ઘરમાં બાળકનો જન્મ થાય અને એ હસે, ભાખોડીયા ભરે, બોલે, ચાલે, દોડે, કાલીઘેલી ભાષામાં વાતો કરે એમ તબક્કાવારની પ્રગતિનો આનંદ મા-બાપ લેતા હોય છે એવો જ હરખ કંપનીનાં તબક્કાવારની પ્રગતિથી થાય છે. કંપનીનો ગ્રોથ થયો છે એની પાછળ સકારાત્મક અભિગમ, સંગઠનથી કામ કરવાની શક્તિ, સમસ્યાનું નિરાકરણ અને નિષ્ઠાનું નિર્માણ થતાં ઉત્પાદન ટાવરની હાઈટની જેમ વધી રહ્યું છે. કર્મચારી અને માલિકના સંબંધ સાથે ગ્રાહકના સંબંધ સુધરે અને તોજ કંપની નફો કરતી બને. એમણે કંપનીના આદ્યસ્થાપક શ્રી ધીરૂભાઈ પટેલની એમની ફોર્મ્યુલા સાથે યાદ કરી સફળતાનો રાઝ ખોલ્યો હતો.

કોઈપણ સંસ્થા માત્ર એના અસ્તિત્વ માટે કામ નથી કરતી પણ નફો રળવા કાર્ય કરે છે. ધગશને ડબલ કરીએ તો સફળતાનો રેશિયો આપોઆપ ચાર ગણો થાય જ છે. સતત વાંચનથી નોલેજ વધે છે અને અનુભવથી એ ઘડાય છે, ટીમવર્ક જો સશક્ત હોય તો ગમે તેવી બાજીને જીતમાં પલટાવી શકાય છે. એમણે એમના વક્તવ્ય દરમ્યાન બે-ચાર પ્રેરણાત્મક વાર્તાઓ પણ કીધી હતી.

જ્યારે ટેકનોલોજી અસ્તિત્વમાં નહોતી એવા સમયે સાઉદી જેવા દેશમાં સુર્યોદયથી સૂર્યાસ્ત સુધી બહાર અને ચંદ્ર પુરો ખીલે ત્યાં સુધી રૂમમાં તેઓ કામ કરતા હતા. શ્રી પટેલની વાતમાં સુર પુરાવતા શ્રી વિનોદ રાદડીયાએ પણ એમના અનુભવની બે-ચાર વાતો કરી હતી કે જેઓશ્રી પટેલ સાથે વર્ષોથી ખભેખભો મિલાવી કાર્ય કરીને આજે કંપનીને લોકોને ઈર્ષ્યા થાય એવા મુકામે પહોંચાડી છે.

કંપનીનાં ડાયરેક્ટર ફાયનાન્સ શ્રી કમલ જૈન, શ્રી એમ.એ. બારૈયા, શ્રી ડી.એસ. ગાંધી, શ્રી પંકજ પટેલ અને ઉચ્ચ અધિકારીઓ સાથે પ્રોડક્શન સ્ટાફ મોટી સંખ્યામાં જોડાયો હતો. કર્મચારીઓ કંપનીની મોટી જાગીર છે અને ખરીદ તેમજ મોર્ડન ટેકનોલોજી સાથે કાઈઝેન જેવી થીયરી અપનાવી કંપની અને એના પરિવારને હજી ઉંચી ક્ષિતિજે પહોંચાડવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. શ્રી પટેલ 'ધ-ગોલ' અ પ્રોસેસ ઓફ ઓનગોઈંગ ઈમ્પ્રુવમેન્ટ પુસ્તકથી અત્યંત પ્રભાવીત છે અને એ સૌને વાંચવાની આ ક્ષણે ખાસ હિમાયત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી સાત્વીક ત્રીવેદીએ ખડેપગે સેવાઓ આપી હતી.

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સમર્પણ મેડીટેશનનો ઈન્ટ્રોડકટરી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૪

સપ્તધારા અંતર્ગત વ્યાયામ 'યોગ, ખેલકૂદ અને ફિટનેસ ધારા' દ્વારા શિવકૃપાનંદ સ્વામી આશ્રમ ટ્રસ્ટે સમર્પણ મેડીટેશનનો ઈન્ટ્રોડકટરી કાર્યક્રમ સમર્પણ ધ્યાનના ગુજરાત રાજયના કોર્પોરેટ પ્રમુખ આચાર્ય મયુરભાઈ રાવલ અને ગાંધીનગર કેન્દ્રના આચાર્યા શ્રીમતી અનુજાબેન નાફડેની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

મેડીટેશનના ૫૦ મિનિટના કાર્યક્રમમાં શરૂઆતની દસ-પંદર મિનિટમાં આજ સુધીની ધ્યાન પધ્ધતિઓ અને આજે એની તાતી જરુરીયાતના કારણો સહિત વિષયની પૂર્વ ભૂમિકા આપવામાં આવી હતી. ત્યાર પછી એકવીસ મિનિટની મેડીટેશન ઉપર તૈયાર કરેલી એક સુંદર ફિલ્મ બતાવવામાં આવી હતી અને ફિલ્મ બાદ પાંચ મિનિટનું પ્રેકટીકલ 'ડેમોસ્ટ્રેશન ઓન સમર્પણ મેડીટેશન' બતાવવામાં આવ્યું હતું. છેલ્લે પાંચ-સાત મિનિટ પ્રશ્નોના સમાધાન સાથે એક સુંદર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોલેજની બધી જ વિદ્યાર્થીનીઓ અને સર્વે અધ્યાપકગણે ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો.

કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો અને કાર્યક્રમનું આયોજન વ્યાયામ, યોગ, ખેલકૂદ અને ફિટનેસ ધારાના કન્વીનર પ્રા. વિનોદભાઈ ચૌધરી અને પ્રા. સજ્જનબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

સેક્ટર-૬/સી ખાતે સ્વ. ભીમદાસ પાંડેની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથી નિમિત્તે તેમનાં પરિવારજનોએ શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કર્યું છે. તા. ૧ ઓગસ્ટથી તા. ૭ ઓગસ્ટ સુધી સાંજે ૩ થી ૬ દરમિયાન ઉત્તરાખંડ (દહેરાદૂન)થી પધારેલા પૂ. શ્રી મનોજ મોહન નૌટીયાલજી સદ્ગતની આત્માની શાંતિ માટે કથા - વાંચન કરશે. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૮
સૂર્યાસ્ત : ૭.૧૧

તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૮૫ ટકા
વરસાદ ૯ મીમી

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ સ્મુર્ફસ-૨ ૩ડી(હિન્દી): ૧૦.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૦૦
ધ વોલ્વેરીન ૩ડી(હિન્દી) : ૧૨.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦
: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
રબ્બા મેં ક્યા કરું : ૧૨.૦૦, ૫.૨૦, ૧૦.૪૦
ડી-ડેય : ૨.૨૦, ૭.૪૦

સૂર્યા, વાવોલ

રબ્બા મેં ક્યા કરું : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રબ્બા મે કયા કરું : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સીંઘમ-૨ : ૧.૩૦
ચોર ચોર સુપર ચોર : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
બી.એ. પાસઃ ૧૦.૧૫, ૭.૩૦
રમૈયા વસ્તાવૈયા : ૧.૦૦, ૧૦.૧૫
સીંઘમ-૨ : ૪.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘમ-૨ : ૧૦.૪૫, ૭.૦૦
બી.એ. પાસ : ૨.૦૦, ૧૦.૧૫
રમૈયા વસ્તાવૈયા : ૪.૩૦

ચિરાગ, કલોલ

રબ્બા મેં ક્યા કરું : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

● અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે એલચીના હિંડોળા

આપની આજ

મેષ : આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે. સમય શુભ.

વૃષભ : વિશેષ પ્રયત્નથી કરવામાં આવેલા કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. તમને તમારા શોખ પૂરા કરવા માટેની પૂર્ણ તકો પ્રાપ્ત થઈ શકશે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

મિથુન : ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે.

કર્ક : જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે. તત્સંબંધમાં બહારના ક્ષેત્રોથી મદદ મળશે.

સિંહ : કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

કન્યા : અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય. કાર્યોમાં વિલંબ થવાની સંભાવના છે .

તુલા : આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવનાઓ છે. વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

ધન : કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહેશે.

મકર : માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રાનો યોગ બની રહ્યો છે.

કુંભ : સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. આર્થિક સ્થિતિ સુદૃઢ બનશે.

મીન : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

ચિરવિદાય

- સ્વ. જાદવ રંજનબેન નટવરલાલ (ઉ.વ.૫૩) પ્લોટ નં.૨૦૭/૧, સેક્ટર-૪એ, ગાંધીનગર
- સ્વ. માસંગજી પ્રતાપજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ.પો.પોર, તા.જી.ગાંધીનગર
- સ્વ. ઠાકોર મંગુબેન શીવાજી (ઉ.વ.૭૦) મુ. ધોળાકુવા, તા.માણસા. જી.ગાંધીનગર.
- સ્વ. ચાવડા કૈલાસબેન જસવંતસિંહ (ઉ.વ.૪૯) મુ. લાકરોડા, તા.માણસા. જી.ગાંધીનગર